**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૬૪ ટકા

# શહેરના દરેક રમતરસિકો માટે હવે સાઈ સંકુલ ઉપલબ્ધ

## ફીટ ઈન્ડિયા મુવમેન્ટ અંતર્ગત સાઈ સંકુલ ખાતે ૧૩ રમતોની અત્યાધુનિક સુવિધાનો લાભ હવે દરેક નાગરિક વિના મૂલ્યે લઈ શકશે : પ્રશાંત કુમાર રાઘવ

## સંસ્થાકીય સ્પર્ધાઓનાં આયોજન માટે પણ સાઈ સંકુલ ઉપલબ્ધ બનશે : નિષ્ણાત કોચીંગનો લાભ પણ લઈ શકાશે

ગાંધીનગર, તા.૪

ભારત સરકાર દ્વારા ફીટ ઈન્ડિયા મૂવમેન્ટ અંતર્ગત રમત-ગમત તથા તંદુરસ્તીને જીવનનો ભાગ બનાવવાનાં હેતુથી સમગ્ર રાષ્ટ્રનાં રમત-ગમત સંકુલોમાં વિવિધ પ્રકારની રમતો અને તેને લગતા સાધનો માટે નિઃશુલ્ક વ્યવસ્થા ગોઠવવાની જાહેરાત કરવામાં આવી છે, જે અંતર્ગત ગુજરાતનાં પાટનગર ગાંધીનગરમાં સેકટર-૧૫ ખાતે આવેલા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા ખાતે પણ વિવિધ પ્રકારની રમતોની તાલીમ વિનામૂલ્યે આપવાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત વિવિધ સંસ્થાઓ દ્વારા રમત સ્પર્ધાઓનાં આયોજન માટે પણ સાઈ સંકુલનો વિનામૂલ્યે ઉપયોગ કરી શકાશે.

ગાંધીનગરનાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાનાં ઈન-ચાર્જ ડાયરેકટર પ્રશાંતકુમાર રાઘવે આજે જણાવ્યુ હતુ કે, સાઈ સંકુલ ખાતેનાં નેતાજી સુભાષ વેસ્ટર્ન ટ્રેનીંગ સેન્ટર તથા પેરાલિમ્પિક એકસેલન્સ સેન્ટર ખાતે ઉપલબ્ધ રમત-ગમતની સુવિધાઓ તથા તેનાં તાલીમ વર્ગો હવેથી તમામ નાગરિકો તથા રમતરસિકો માટે વિનામૂલ્યે ઉપલબ્ધ રહેશે. સાઈ સંકુલ ખાતે કુલ - ૧૩ રમતો ઈન્ફ્રાસ્ટ્રકચર તથા અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. જેમાં એથ્લેટીકસ, બેડમિન્ટન, બાસ્કેટ બોલ, બોકિંસગ, ક્રિકેટ, ફુટબોલ, હેન્ડબોલ, હોકી, કબડ્ડી, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ અને કુસ્તીનો સમાવેશ થાય છે. આ તમામ રમતોમાં રસ ધરાવતા બાળકો તથા અન્ય નાગરિકો સાઈ સંકુલ ખાતે નોંધણી કરાવીને વિનામૂલ્યે રમતો રમી શકશે તેમજ સાઈ સંકુલનાં નિષ્ણાંત કોચ દ્વારા તેની પધ્ધતિસર તાલીમ પણ મેળવી શકશે.

પ્રશાંત કુમાર રાઘવે વધુમાં જણાવ્યુ હતુ કે, અત્યારે સાઈ સંકુલ ખાતે લગભગ ૧૬૦૦ જેટલા બાળકો વિવિધ રમતોની તાલીમ માટે નોંધાયેલા છે, જે અંતર્ગત દરરોજનાં ૫૦૦ થી વધુ બાળકોની તાલીમ અર્થે નિયમિત આવન-જાવન રહે છે. આ ઉપરાંત સાઈ સંકુલ ખાતે અત્યાધુનિક સુવિધાવાળી હોસ્ટેલ તેમજ મોર્ડન ફીટનેસ સેન્ટર અને આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાનાં ખેલાડીઓ માટે અત્યંત જરૂરી ગણાય તેવી સ્ટીમ અને સોના બાથની સુવિધા પણ ઉપલબ્ધ છે. સાઈ સંકુલ ખાતે ફિઝીયોથેરાપીનું પણ આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધા સાથેનું સ્પોર્ટસ સાયન્સ સેન્ટર પણ ઉપલબ્ધ છે, જે ખેલાડીઓને વૈજ્ઞાનિક ઢબે રમતની તૈયારીઓ કરવા માટે ખૂબ જ ઉપયોગી નીવડે છે. એટલુ જ નહિ, વિવિધ સંસ્થાઓ દ્વારા રમત સ્પર્ધાઓનાં આયોજન માટે પણ સાઈ સંકુલનો વિનામૂલ્યે ઉપયોગ કરી શકાશે.

આ સાથે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાનાં ઈન-ચાર્જ ડાયરેકટર પ્રશાંતકુમાર રાઘવે જણાવ્યુ હતુ કે, આગામી સમયમાં સાઈ સંકુલ ખાતે સાઉથ એશિયાનું સૌ પ્રથમ અત્યાધુનિક સાઉથ એશિયન પેરાલિમ્પિક સેન્ટર વિકસાવવામાં આવનાર છે, જે સાથે ૩૦૦ બેડની નવી હોસ્ટેલનું રૂ.૩૦.૨૮ કરોડનાં ખર્ચે નિર્માણ કરાશે. અત્રેનાં સ્વિમિંગ પુલનાં અત્યાધુનિકરણ માટે પણ રૂ.૧.૯૪ કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યુ છે. જે તમામ સુવિધાઓનો લાભ ભવિષ્યમાં ફીટ ઈન્ડિયા મૂવમેન્ટ અંતર્ગત રમત રસિકોને પણ વિના મૂલ્યે પ્રાપ્ત થશે.

### ફીટ ઈન્ડિયા મૂવમેન્ટ ઓલમ્પિકમાં ભારતનાં મેડલ્સ વધારશે : દેવેન્દ્ર ઝાઝરિયા

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા અને રીઓ પેરાલમ્પિકમાં ભારતને સૌ પ્રથમ ગોલ્ડ મેડલ અપાવનાર ખેલરત્ન પદ્મશ્રી દેવેન્દ્ર ઝાઝરિયાએ જણાવ્યુ હતુ કે, જે રીતે દેશભરમાં સ્વચ્છ ભારત અભિયાનને સફળતા સાંપડી છે જેની આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસંશા થઈ રહી છે તે જ રીતે ભારત સરકારની ફીટ ઈન્ડીયા મૂવમેન્ટને પણ સફળતા પ્રાપ્ત થશે તેવો મને વિશ્વાસ છે. આ અભિયાનને પગલે ૨૦૨૪ માં યોજાનારા ઓલમ્પિકમાં ભારતનાં ખેલાડીઓ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરશે અને મોટી સંખ્યામાં મેડલ પ્રાપ્ત કરશે. ભારત સરકાર દ્વારા દિવ્યાંગ ખેલાડીઓ માટે વિશેષ સંભાળ લેવામાં આવી રહી છે એ આનંદની વાત છે અને સાઈ, ગાંધીનગર ખાતે નિર્માણ પામનારૂ પેરાલિમ્પિક ટ્રેનીંગ સેન્ટર સાઉથ એશિયાનું શ્રેષ્ઠ સેન્ટર બની રહેશે તેવો મને વિશ્વાસ છે.



### સાઈ સંકુલ ખાતે ઉપલબ્ધ સુવિધાઓ

- આઠ લેન સાથેની ફુલ ઓલમ્પિક લેન્થનો એથ્લેટીક ટ્રેક.
- બેડમિન્ટન માટેનાં ત્રણ ઈનડોર કોર્ટ
- બાસ્કેટ બોલ માટે બે આઉટડોર કોર્ટ
- બોકસીંગ માટેની એક આઉટ ડોર રીંગ
- ક્રિકેટ માટે એક ટર્ફ વિકેટ અને ચાર સિમેન્ટ પીચ
- ફુટબોલ માટેનાં બે મેદાન
- હેન્ડબોલ માટે ચાર કોર્ટ
- હોકી માટે એસ્ટ્રોટર્ફ અને ગ્રાસી ફિલ્ડ
- સ્પોટ લાઈટ સાથેનાં કબડ્ડીનાં આઠ મેદાન
- ૫૦ મીટર અને ૨૫ મીટરની સ્વિમિંગ રેન્જ
- ટેબલ ટેનિસ માટે બે ઈનડોર ટેબલ
- વોલીબોલ માટે ત્રણ આઉટડોર કોર્ટ
- રેસલીંગ માટે ઈનડોર રીંગ

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**
સબ કુશલ મંગલ
૧૦.૦૫, ૧.૦૦, ૩.૫૦, ૧૦.૧૫
ગુડ ન્યુઝ
૧૦.૪૫, ૧.૪૦, ૨.૪૦, ૪.૩૫, ૭.૩૦, ૧૦.૨૫
દબંગ-૩
૧૧.૨૦, ૨.૧૦, ૫.૪૦, ૯.૦૦
જુમાનજી ધ નેકસ્ટ લેવલ (૩-ડી હિન્દી)
૯.૩૦, ૫.૩૫, ૧૦.૩૫
મર્દાની-૨ - ૮.૧૫
પતિ પત્નિ ઔર વો
૨.૫૦
હેલ્લારો - ૧૨.૧૦
જી (ગુજરાતી)
૭.૪૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**
સબ કુશલ મંગલ
૧૦.૩૫, ૪.૨૦, ૭.૨૦, ૧૦.૦૫
ભંગરા પાલે
૧૦.૨૫, ૧.૩૦, ૭.૧૫, ૧૦.૧૫
જી (ગુજરાતી)
૪.૩૦
હેલ્લારો (ગુજરાતી)
૨.૦૫, ૭.૨૦
ગુડ ન્યુઝ
૯.૦૫, ૯.૫૫, ૧૦.૫૫, ૧૨.૪૦, ૧.૪૦, ૩.૩૫, ૪.૩૫, ૬.૩૦, ૭.૩૦, ૯.૨૫, ૧૦.૨૫
દબંગ-૩
૧.૧૫, ૧૦.૧૦
જુમાનજી-૨
૪.૪૦
મર્દાની - ૨
૧૧.૫૦

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**
ગુડ ન્યુઝ
૯.૦૦, ૧૦.૩૦, ૧૨.૦૦, ૧.૩૦, ૩.૦૦, ૪.૩૦, ૬.૦૦, ૭.૩૦, ૯.૦૦, ૧૦.૩૦
ભંગરા પાલે
૧૦.૩૦, ૧.૧૫, ૪.૩૦, ૧૦.૩૦
સબ કુશલ મંગલ
૧.૩૦, ૪.૧૫, ૭.૩૦, ૧૦.૧૫
જી (ગુજરાતી)
૭.૧૫

**સિટી પલ્સ, કુડાસણ**
ગુડ ન્યુઝ
૧૨.૩૦, ૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
શિમલા મિર્ચ
૧૧.૪૫, ૪.૪૫, ૯.૪૫
ચાલ જીવી લઈએ (ગુજરાતી)
૧૧.૦૦
દબંગ-૩
૪.૦૦, ૯.૩૦
મર્દાની-૨
૧.૪૫, ૭.૦૦
હેલ્લારો (ગુજરાતી)
૧.૦૦, ૬.૪૫
સબ કુશલ મંગલ
૩.૪૫, ૯.૪૫

## આજે ગાંધીનગરમાં

- સંસ્કાર ગ્રુપના બાળકો વચ્ચે સવારે સલાડ સ્પર્ધા ૯.૩૦ થી ૧૦.૩૦ દરમિયાન સે-૭ બગીચા ખાતે યોજાશે.
- ગોસ્વામી સંજયભારતીની વ્યાસપીઠે કોલવડા નિલકંઠ મહાદેવ ખાતે ૧.૩૦ થી ૫ દરમિયાન શિવકથા યોજાશે.
- રંગોલી પ્રીસ્કૂલનો વાર્ષિકોત્સવ સવારે ૧૦ વાગ્યે સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે યોજાશે.
- હરસિધ્ધ માતાજીના પાંચમા પાટોત્સવ નિમિત્તે સે-૩-ડી ખાતે બગલામુખી પિતામ્બરા યાગ સવારે ૮.૩૦ વાગ્યાથી યોજાશે.
- જાન્યુઆરી માસની પુસ્તક પરબ સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમિયાન ઘ-૪ સર્કલ પાસે યોજાશે.
- કોલવડા ગામ સ્થિત નિલકંઠ મહાદેવ મંદિર ખાતે બપોરે ૧.૩૦ થી ૫ દરમિયાન ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે શિવકથા યોજાશે.

# અંધશાળા ખાતે આંતરરાષ્ટ્રીય લુઈ બ્રેઈલ દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૪

૪ જાન્યુઆરી સમગ્ર વિશ્વમાં લુઈ બ્રેઈલ દિન તરીકે ઉજવાય છે ત્યારે ગાંધીનગર અંધશાળા ખાતે આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત પ્રાર્થના સભા તથા પ્રાર્થના સભામાં કાનુની સત્તામંડળ ગાંધીનગર દ્વારા વિશિષ્ટ દિવ્યાંગ વ્યકિતઓનો પરિચય આપવામાં આવ્યો હતો તથા બંધારણના આમુખમાં અપાયેલ સંકલ્પની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. આ ઉપરાંત બ્રેઈલ લીપી આધારિત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉજવણીમાં અંધશાળા ખાતે પદ્મશ્રી મુકતાબેન પી. ડગલી તથા પ્રો. યાહ્યા એચ. સપાટવાલાનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં યોજાયેલ સ્પર્ધાના વિજેતાઓને રોકડ પારિતોષિક આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય સી.જે.ચાવડા, ઉદ્યોગપતિ નરેન્દ્રસિંહ ચૌહાણ અને સામાજીક કાર્યકર મિતાલીબેન કોઠારી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમની સ્વાગત વિધિ સંસ્થાના ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ દેસાઈ દ્વારા અતિથિ પરિચય મંત્રી જે.બી. પટેલ દ્વારા તથા આભારવિધિ ઘનશ્યામભાઈ પાન્ડે દ્વારા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉમેશભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.




જયોતિ મહિલા મંડળ અને ગુજરાત ઊર્જા સંરક્ષણ વિભાગ (જેડા)ના સંયુકત ઉપક્રમે તેમજ નિસર્ગ સાયન્સ સેન્ટરના સહયોગથી વીજ બીલ બચત તેમજ કુદરતી સ્ત્રોતના મહત્તમ ઉપયોગનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન, પ્રશ્નોત્તરી સાથે નગરની બહેનોને સંપૂર્ણ જાણકારી આપવામાં આવી હતી. જેમાં ૨૦૦થી વધુ બહેનોએ રસ લઈ સંતોષ વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમમાં ડૉ. ચેતના બુચ, ડૉ. અનિલ પટેલ, નીરૂબેન નાયક તથા નરેશ ઠાકરનો સંપૂર્ણ સહયોગ રહ્યો હતો.

# ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગરે સૂર્યવંદના થકી નૂતન વર્ષને આવકાર્યું

ગાંધીનગર, તા.૪

વર્ષ ૨૦૨૦ની પ્રથમ પ્રભાતે શહેરના સે-૨૨ ખાતેના સુપ્રસિધ્ધ પંચદેવ મંદિરે સૂર્યનારાયણના પ્રથણ કિરણોને ઈન્ડિનય લાયન્સ સંસ્થાના સ્વર્ણિમ ગાંધીનગર એકમ દ્વારા વધામણાનો ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પંચદેવ મંદિરના પુજારી ભાનુભાઈ મહારાજના હસ્તે દીપ પ્રાગટય કરી ભારતમાતાના જયઘોષ સાથે રાષ્ટ્રગાન સાથે નૂતન વર્ષને હર્ષોલ્લાસથી વધાવવામાં આવ્યું હતું. સવારે બરાબર ૭.૨૨ કલાકે સૂર્યોદયના પ્રથમ કિરણોને વધાવાયા હતા.




ઈન્ડિયન સ્વર્ણિમ સંસ્થા દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી અંગ્રેજી નૂતન વર્ષના પ્રભાતે ભારતીય સંસ્કૃતિ અનુસાર નવવર્ષને વધાવવાનો ઉપક્રમ હાથ ધરવામાં આવે છે. આ પ્રયોગનો ઉદ્દેશ નવી પેઢીમાં પાશ્ચાત્ય સંસ્કૃતિ સાથે ભારતીય સંસ્કૃતિનો સુમેળ સાધી આંધળા અનુકરણનો ત્યાગવા પ્રેરિત કરવાનો છે. શહેરના પંચદેવ મંદિરના પગથિયે પડતા સૂર્યના પ્રથમ કિરણોને નવવર્ષની પ્રભાતે આવકારવાના આ કાર્યક્રમમાં પંચેદવ મંદિરના પુજારી ભાનુભાઈ મહારાજ, સંસ્થાના નેશનલ ચેરપર્સન આશાબહેન પંડયા, સ્વર્ણિમ ગાંધીનગર એકમના પ્રમુખ રાધેશ્યામભાઈ યાદવ, ઉપપ્રમુખ કિન્નરભાઈ શાહ, સેક્રટેરી મનીષાબેન ગોહિલ તથા ઈન્દ્રવદનભાઈ આચાર્ય અન્ય સભ્યો રશ્મિતાબેન ગોંડલિયા, ભરતભાઈ દેસાઈ, ભાવનાબેન દેસાઈ સહિત અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ચૌધરી સમાજનો ભગીરથ પ્રયાસ અન્ય સમાજ માટે પ્રેરણારૂપ : નીતિનભાઈ

## ચૌધરી સમાજે શ્રમ કરી ગરીબાઈ દૂર કરી પછી આધુનિકતાને અપનાવી છે : સ્વામી સચ્ચિદાનંદ








ગાંધીનગર, તા. ૪

ભારતને વધુ મજબૂત બનાવવા માટે નવીન પેઢીને વધુ સક્ષમ બનાવી પડશે, શિક્ષણ થકી જ નવીન પેઢી સક્ષમ બનશે તેમ આજરોજ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ દ્વારા આયોજિત શ્રી પી.કે. ચૌધરી મહિલા વિનયન કોલેજ રજત જયંતી મહોત્સવ તથા સ્નેહ મિલન અને સન્માન સમારોહમાં જણાવ્યું હતું. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે સમાજમાં નવી પેઢીના ઘડતર, શિક્ષણ અને સંસ્કાર સિંચનનું ભગીરથ કાર્ય ચૌધરી સમાજ ઉત્તમ રીતે કરી રહ્યો છે જે અન્ય સમાજ માટે પ્રેરણા સમાન છે.

રાજયના પાટનગર ગાંધીનગરના વિકાસમાં પણ ચૌધરી સમાજનું મહત્વનું યોગદાન છે, તેવું કહી નાયબ મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે ચૌધરી સમાજમાં સંગઠન અને એક બીજાને મદદ કરવાની ભાવના ખૂબ જ છે, જેના પરિણામે સમાજના નવયુવાનો ઝડપથી નોકરી-ધંધામાં આગળ આવી રહ્યા છે. તેમણે સમાજના સર્વે શ્રેષ્ઠીઓને દીકરા-દીકરીને સરકારમાં આઈ.એ.એસ., આઈ.પી.એસ., આઈ.એફ.એસ. જેવા ઉચ્ચ હોદ્દાઓ પર પસંદગી પામી શકે તેવું શિક્ષણ અને વાતાવરણ આપવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું. ચૌધરી સમાજે કેવી પરિસ્થિતિમાંથી વિકાસ કર્યો છે.

### ગાંધીનગરના શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના રજત જયંતી મહોત્સવ અને સ્નેહ મિલન-સન્માન સમારોહમાં દાતાઓ તથા સમાજના શ્રેષ્ઠીઓનું સન્માન કરાયું

માનવ જીવન જન્મથી મૃત્યુ સુધી વિવિધ તબક્કાઓમાંથી પસાર થતું હોય છે તેમ જણાવી પરમપૂજય સ્વામી સચ્ચિદાનંદજીએ આશીર્વચન આપતાં જણાવ્યું હતું કે, આત્મનિર્ભર માટે રોજગારી અને ત્યારબાદ પૂણ્ય કમાવનો તબક્કો જીવનમાં ખૂબ મહત્વનો છે. તેમણે જેણે જીવનમાં બેકારી નથી જોઈ તેવા વ્યક્તિઓને ભાગ્યશાળી કહ્યા હતા. અંતરિયાળ વિસ્તારમાં કાળી મજૂરી કરી ઉભા થયેલા ચૌધરી સમાજના શ્રેષ્ઠીઓ રૂપિયા, સમય, બુદ્ધિ, શ્રમ અને અન્ય પ્રકારનું દાન આપીને દાતાઓએ સમાજને એક નવીન ઉંચાઈએ લાવવાનું ઉમદા કાર્ય કર્યું છે.

બેકારીમાં તમને મદદ કરનાર વ્યક્તિને ભુલશો નહી તેમ જણાવી સ્વામી સચ્ચિદાનંદજીએ જણાવ્યું હતું કે ઈશ્વર ગરીબી સાથે કેટલાક વરદાન આપે છે અને અમીરાઈ સાથે કેટલાક દુર્ગુણો આપે છે. કુટેવને નાથવા માટે સત્સંગ કરવા અને સારા પુસ્તકો વાંચવા તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

અખિલ આંજણા કેળવણી મંડળના મહામંત્રી માધુભાઈ ચૌધરીએ મહાનુભાવોનું સ્વાગત કરી મંડળના આરંભ, ઉતાર-ચઢાવ અને આજનું આ શૈક્ષણિક વટવૃક્ષ કેવી રીતે નિર્માણ પામ્યું છે તેની વાત કરી હતી.

સંસ્થાની વિકાસગાથાને રજૂ કરતાં કેળવણી મંડળના ઉપપ્રમુખ શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે આ સંસ્થાનો આરંભ ૭૨ દીકરીઓના શિક્ષણ યજ્ઞથી થયો હતો. જેમાં આજે ૭ હજારથી વધુ વિદ્યાર્થીઓ વિવિધ વિદ્યાશાખામાં અભ્યાસ કરી રહ્યા છે. તેમજ ૧૨૫૦ જેટલી દીકરીઓ છાત્રાલયમાં રહે છે.

આ પ્રસંગે માતૃ જોઈતીબા મહિલા કોલેજ કેમ્પસના મુખ્ય દાતા માતૃ જોઈતીબા વી. ચૌધરી પરિવાર અને જે.એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાસંકુલના મુખ્ય દાતા ગં.સ્વ. હેમલતાબેન જે. ચૌધરી તથા પરિવારના સભ્યો, વિવિધ દાતાઓ, પૂર્વ તેમજ વર્તમાન પદાધિકારીઓ તેમજ વિશિષ્ટ વ્યકિતઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ ચૌધરી સમાજના શ્રેષ્ઠીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માણસાના પૂર્વ ધારાસભ્ય અમીતભાઈ ચૌધરી, મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન શ્રીમતી આશાબેન ઠાકોર સહિત સમાજના શ્રેષ્ઠીઓ, ભાઈ-બહેનો તેમજ સંસ્થાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## ગાંધીનગરનું ગૌરવ




રૂદ્ર તેજસ ગાંધીને ચેન્નઈ ખાતે ૨૮ ડિસેમ્બરે યોજોલી ૧૬મી નેશનલ લેવલ અલોહા પ્રતિયોગીતામાં ટાઈની-ટોટ લેવલ-૬માં પ્રથમ રનર અપની ટ્રોફી જીતવા બદલ પરિવારજનો દ્વારા અભિનંદન પાઠવવામાં આવે છે.

## ચિરવિદાય

- સ્વ. રમીલા મોહનલાલ દલવાડી, ઉ.વ. ૭૨
- સ્વ. વાઘેલા મુકેશસિંહ જસવંતસિંહ, ઉ.વ. ૪૭
- સ્વ. નાયી સંતોકબેન મંગળભાઈ, ઉ.વ. ૭૧
- સ્વ. રૂખીબેન સાંકાભાઈ રબારી, ઉ.વ. ૬૪
- સ્વ. મિસ્ત્રી આનંદીબેન જનજીવન, ઉ.વ. ૭૨
- સ્વ. ઈશ્વરભાઈ અમીભાઈ દેસાઈ, ઉ.વ. ૬૭